જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૦/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૯૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૬૬ લીટર દેશી દારૂ, ૦૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૪૧ બિયર ટીન, ૦૧ રિક્ષા, ૦૨ સ્કુટર અને ૦૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૦૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૩૯૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૩૯૭/૨૦૨૬**

નિકોલઃ પ્રવિણચંદ્ર સ/ઓ નટવરલાલ મોદી (ઉ.વ.૭૦)(રહે, કર્ણાવતી બંગ્લોઝ, હરીદર્શન ચાર રસ્તાની બાજુમાં, નિકોલ) એ તા.૦૩/૧૦/૨૦૨૬ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૬ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે આરોપી The Mehsana Urban Co-Op. Bank ના બેંક ખાતા નંબર 43100100009833 ના ધારક તથા Payu બેંક ખાતા નંબર 30328589747 ના ધારકએ ભેગામળી પ્રવિણચંદ્ર મોદીના મોબાઈલના વોટ્સઅપ નંબર ઉપર અજાણ્યા નંબરથી ફોન કરી "અદાણી ગેસમાંથી બોલુ છુ" તેવી ખોટી ઓળખ આપી "તમારૂ અદાણીનુ ગેસ બીલ અપડેટ થયેલ નથી" તેમ કહી પ્રવિણચંદ્ર નાઓને વિશ્વાસમાં લઇ તેમના બેંક ખાતાઓની વિગતો મેળવી લઇ, પ્રવિણચંદ્ર તથા તેમની પત્નીના સંયુક્ત બેંક ખાતાઓમાંથી કુલ રૂપિયા ૪,૨૩,૦૬૦/– નું ટ્રાન્ઝેકશન કરી લઇ પ્રવિણચંદ્ર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૩૯૮/૨૦૨૬**

બોડકદેવઃ મૌનીલ સ/ઓ ગૌરાંગ યાજ્ઞિક (રહે. હાઇલેન્ડ પાર્ક સોસાયટી ગુલબાઇ ટેકરા) એ તા.૦૩/૧૦/૨૦૨૬ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૨૬ થી તા.૦૭/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન બોડકદેવ રાજપથ રંગોલી રોડ એસ.કે.ફાર્મ સામે આવેલ શ્રીલક્ષ્મીવાડી નામના પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરી તથા ઘરના મંદીરમાંથી સોના–ચાંદીના દાગીના, ચીજ–વસ્તુઓ, જુની એન્ટીક વસ્તુઓ અને રોકડ રૂપિયા તેમજ અમેરીકન ડૉલર મળી કુલ રૂપિયા ૫,૧૭,૦૦૦/–મતાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

મણીનગરઃ સચિનભાઈ વિનોદભાઈ શર્મા (રહે.ઈશ્વરનગર સોસાયટી હિરાભાઈ ટાવર ઉતમનગર ગાર્ડન રોડ મણીનગર) એ તા.૦૩/૧૦/૨૦૨૬ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૯/૨૦૨૬ થી તા.૨૫/૦૯/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મણીનગર રામકૃષ્ણ પાર્ટી પ્લોટ સામે એલ.જી.રોડ પર આવેલ કે.બી.કોમ્પલેક્ષમા આવેલ પોતાના "રામબાગ પાન પાર્લર" નું શટર તોડી અજાણી વ્યક્તિ પાન પાર્લરમાં પ્રવેશ કરી પાર્લરમાંથી અલગ-અલગ કંપનીની સિગારેટ, તમાકુ, પાન મસાલા/ગુટખા મળી કુલ કિમત રૂપિયા ૭૨,૦૬૫/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આઈ.પટેલ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર ચાદી નં.૧૩૯૯/૨૦૨૬**

વેજલપુરઃ જફર સ/ઓ સલીમશાહ દીવાન (ઉ.વ.૨૧) (રહે. અલ હબ્બીબ ફલેટ સોનલ સિનેમા સામે વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૦/૨૦૨૬ કલાક ૧૦/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતમાં લોખંડના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશકુમાર જીવણભાઈ ચલાવે છે.

બાપુનગરઃ સતિષભાઈ વિરચંદભાઈ પરમાર (ઉ.વ.૪૬) (રહે. ચુવાળનગર જમનાનગર બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૨૦૨૬ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જી.ખૈર ચલાવે છે.

વટવાઃ યોગેન્દ્રકુમાર ભોલા શવ (ઉ.વ.૩૪) (રહે. ભરવાડવાસ વાદરવટ તળાવ વટવા) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૦/૨૦૨૬ સાંજના ૦૬/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સલવાર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી માધવસિંહ દેવિસિંહ ચલાવે છે.

રામોલઃ રામોલ ટોલટેક્ષની પાસે રામદેવનગર ટેકરા મહાકાળી દાલબાટીની પાછળ આવેલ મેદાન ખાતે રહેતા હસમુખ ગૌતમ વાનીયા (ઉ.વ.૧૯) (મુળ વતન. ગામ-કાતરીયા તા-બાગીડોરા જી-બાસવાડા રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૨૦૨૬ રાતના ૦૮/૩૦ વાગ્યાના સુમારે સી.ટી.એમ ચાર રસ્તા ડબલ બ્રીજ ઉપરથી પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કલ્પેશકુમાર ગણપતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી